

મકાન... પોતીકુ મકાન એ માત્ર માનવની જ જરૂરિયાત છે એવુ નથી, આ જગતની તમામ જીવસૃષ્ટિને તેની એક હોંશ હોય છે. કીડીને પણ પોતાનુ મકાન બને... એ વૉટરપ્રૂફ મકાન હોય છે... આ વાત નથી સમજાતીને, ના આ વાત સાચી છે. પ્રકૃતિપ્રેમી દેવગઢબારિયાના રાજમાતા ઉર્વશીદેવીએ કીડીઓને કેવુ મકાન હોય છે તેની એક તસ્વીર ગાંધીનગર સમાચાર માટે મોકલી છે. કીડીને પોતાનુ મકાન તૈયાર થઈ જાય પછી જ મેઘરાજાની સવારી આવતી હોય છે. તેમના રાજમહેલમાં ઝોરાના વૃક્ષ પર કીડીઓ જે પોતાનુ મકાન બનાવી રહી છે તેનો ફોટો તેમણે મોકલ્યો છે. બિલીના ઝાડ પર પણ આ કીડી પોતાનુ મકાન બનાવતી હોય છે. ઝોરા એ ત્રણ થી ચાર ફૂટની ઊંચાઈ ધરાવતુ ફૂલનુ ઝાડ છે. તેના પર કીડીનુ વૉટર પ્રુફ મકાન બનાવવાની વાતની તસ્વીર. **(તસ્વીર : સૌજન્ય : ઉર્વશીદેવી મહારાઉલ)**

# ગાંધીનગર સહિત ૮ મહાનગરોમાં ૩૧મી સુધી રાત્રિ કરફયુ લંબાવાયો

## મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં લેવાયા મહત્વપૂર્ણ નિર્ણયો : તા.૨૦ જુલાઇ-૨૦૨૧થી રાજ્યમાં વોટર પાર્કસ અને સ્વિમીંગ પૂલ ૬૦ ટકા કેપેસિટી સાથે શરૂ કરી શકાશે : પ્રાયવેટ અને પબ્લીક ટ્રાન્સપોર્ટમાં નોન એ.સી માં ૧૦૦ ટકા પેસેન્જર અને એ.સી.માં ૭૫ ટકા પેસેન્જર કેપેસિટીમાં ચાલુ રહેશે

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં કોરોનાના દૈનિક કેસોની પ્રવર્તમાન સ્થિતીના થઈ રહેલા સતત ઘટાડાની સમીક્ષા કરીને વધુ કેટલાક નિયંત્રણો હળવા કરવાના નિર્ણયો લેવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં મળેલી આ કોર કમિટીમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, રાજયના જે ૮ મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને જુનાગઢમાં હાલ રાત્રિ કરફયુ રાત્રે ૧૦ થી સવારે ૮ સુધી અમલમાં છે.

આ રાત્રિ કરફયુની મુદત તા.૨૦ જુલાઈ-૨૦૨૧ મંગળવારે સવારે ૬ વાગ્યે પૂર્ણ થાય છે તેને હવે ૩૧ જુલાઈ-૨૦૨૧ સુધી લંબાવવામાં આવી છે.

એટલે કે આ ૮ મહાનગરોમાં રાત્રિ કરફયુની સમયાવધિ હવે, તા.૧ ઓગસ્ટ-૨૦૨૧ સવારે ૬ કલાકે પૂરી થશે.

કોર કમિટીમાં લેવાયેલા અન્ય નિર્ણયો મુજબ રાજયમાં વોટર પાર્કસ અને સ્વિમીંગ પૂલ તા.૨૦ જુલાઈ-૨૦૨૧ થી તેની ક્ષમતાના ૬૦ ટકા સાથે અને કોરોના ગાઈડલાઈનના નિયમોના પાલન સાથે નિયત એસ.ઓ.પી.ને આધિન શરૂ કરી શકાશે.

આવી સંસ્થાઓના માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓએ તા.૩૧ જુલાઈ-૨૦૨૧ સુધીમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લઈ લેવાનો રહેશે અન્યથા આવા વોટર પાર્કસ કે પૂલ ચાલુ રાખી શકાશે નહિ.

રાજ્યમાં પ્રાયવેટ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓ માટે પણ તા.૨૦ જુલાઈ-૨૦૨૧થી કેટલીક છૂટછાટો આપવાનો નિર્ણય કોર કમિટીમાં લેવામાં આવ્યો છે.

તદઅનુસાર, પબ્લિક અને પ્રાયવેટ ટ્રાન્સપોર્ટમાં નોન એ.સી બસ સેવાઓ ૧૦૦ ટકા કેપેસિટી સાથે શરૂ કરી શકાશે પરંતુ આવી સેવાઓમાં મુસાફરોને ઊભા રહી પ્રવાસ કરવાની મંજૂરી અપાશે નહી. એ.સી સેવાઓ તેની ક્ષમતાના ૭૫ ટકા પેસેન્જરો સાથે શરૂ કરી શકાશે. (તમામ ડ્રાઈવર અને કંડકટરે વેક્સિનનો પ્રથમ ડોઝ લીધેલ હોય તે અનિવાર્ય રહેશે)

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં હોટલ, રિસોર્ટસ-રેસ્ટોરન્સ અને વોટર પાર્કસને એક વર્ષ માટે વીજ બિલમાં ફિકસ ચાર્જમાંથી મુક્તિ આપી ખરેખર થયેલ વીજ વપરાશનું બિલ આકારવા અગાઉ તા.૭મી જૂને નિર્ણય કરેલો છે.

આ મુજબ રાજ્યમાં વોટર પાર્કસ માટે પણ ખરેખર થયેલ વીજ વપરાશનું બિલ જ આકારવામાં આવશે પરંતુ ફિકસ ચાર્જ લેવાશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર શહેર કોરોનામુક્ત

## છેલ્લા છ દિવસથી એક પણ કેસ નથી નોંધાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર વધુ એકવાર કોરોનામુક્ત શહેર બન્યુ છે. છેલ્લા સાત દિવસથી શહેરમાં એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી આથી ક્લીનીકલી તે કોરોનામુક્ત શહેરની યાદીમાં સમાવાયુ છે. ગાંધીનગર શહેરમાં આજે પણ ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૪૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના અત્યાર સુધીમાં ૯૫૦૦ થી વધુ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાથી ૧૬૦ જેટલા દર્દીઓના મોત થયા છે. ગાંધીનગર શહેરમાં ૯મી જુલાઈએ ૨ કેસ નોંધાયા હતા. આ પછી ૧૦મી જુલાઈથી ૧૭મી જુલાઈ સુધી એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં વેક્સિનેશન અભિયાન પણ સઘન બનાવવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૩,૩૭,૬૯૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨,૬૬,૩૧૬ લોકોને પ્રથમ ડોઝ વેક્સિનેશનનો અપાયો છે જ્યારે ૭૧,૩૭૬ લોકોને બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ૩ દિવસ બાદ દહેગામ તાલુકામાં કોરોનાના બે કેસ નોંધાયા

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. ૩ દિવસ પછી કોરોનાના બે કેસ નોંધાતા તંત્ર પણ ચોંક્યુ છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આ બે કેસ નોંધાયા છે. દહેગામ તાલુકાના હાથીજણ ગામે ૪૫ વર્ષીય પુરૂષ અને કનીપુર ગામે ૨૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૬૫૦ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૩૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના અમલીકરણને લઈ પણ સૂચનાઓ આપી છે. આ ઉપરાંત સઘન સર્વેલન્સ કરવા તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા અધિકારીઓને જણાવવામાં આવ્યુ છે.

# હજુ જિલ્લાના એકેય તાલુકામાં વાવણી લાયક વરસાદ થયો નથી

## ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા : વિકટ સ્થિતિમાં પાકને બચાવવા ખેડૂતો દ્વારા દોડધામ : જિલ્લામાં હજુ સુધી માત્ર ૧૧.૨૦ ટકા જ વરસાદ સિઝનનો થયો છે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં વાવણીલાયક વરસાદ હજુ સુધી થયો ન હોવાથી ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે.

ખરીફ ઋતુના વાવેતરની સિઝન પૂર્ણ થવા આવી હોવા છતાં વાવણીલાયક વરસાદ ના થતાં અત્યાર સુધી જિલ્લામાં માત્ર ૫૦ ટકા વિસ્તારમાં જ વાવણી કાર્ય સંપન્ન થયુ છે અને હાલ લગભગ વાવણીકાર્ય સ્થગિત જેવુ થઈ ગયુ છે. ખેડૂતો વરસાદ વાવણીલાયક ના થતાં હાલ જે પાકનું વાવેતર કર્યુ છે તેને બચાવવા માટેના પ્રયાસોમાં વધુ સક્રિય થયા છે.

જિલ્લામાં ચોમાસાની સિઝનનો અત્યાર સુધીમાં માત્ર

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને તથા લગતા વળગતા જોગ જણાવાનું કે, જત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકા ગાંધીનગરના મોજે ગામ કોબાની સીમના બ્લોક/સર્વે નં. ૧૪૨ થી ૧૪૫/૧ + 3 + ૧૪૬ પૈકી ની બીનખેતી જમીન ઉપર આવેલ (૧) પ્લોટ નં. ૯૦–એ ની આશરે ૩૪૧ સમ ચો.મી. જમીન. (૨) પ્લોટ નં. ૯૦–બી ની આશરે ૩૩૬ સમ. ચો.મી. જમીન, (૩) પ્લોટ નં. ૯૮–એ ની આશરે ૩૩૪ સમ ચો.મી. જમીન અને (૪) પ્લોટ નં. ૯૮–બી ની આશરે ૩૭૦ સમ ચો.મી. જમીન, એમ કુલ ૪ (ચાર) પ્લોટસ તથા કણ્વ કો.ઓ.હા. સો.લી ની રોડ રસ્તાની જમીનમાં વરાડે પડતાં વગર વહેંચાયેલ હક્ક હીસ્સા સહિતની મિલકતો, નટવરલાલ વ્રજલાલ પટેલ (P. A/C NO. FXGPP 9564 Q) રહે. GEORG HERWEGH, STR 3, MARL-45772, NORDRHEIN-WESTFALEN, GERMANY ના કબજા ભોગવટાની કુલ સ્વતંત્ર માલિકી હક્કની મિલકતો, સંપુર્ણ બોજા રહીત હોવાનું જણાવી, તેઓએ સદરહુ મિલકતોના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. વધુમાં તેઓએ સદરહુ મિલકતો અમારા અસીલ, ચિનાર મહેશ બજાજ (આધાર કાર્ડ નં. ૫૧૮૬ ૯૪૮૮ ૩૯૧૨) ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, તેથી સદરહુ મિલકતો ઉપર કોઈપણ વ્યક્તિ, સંસ્થા, નિગમ કે બેંકનો કોઇપણ પ્રકારનો બોજો, ગીરો, ચાર્જ કે લાગભાગ, હક્ક, હીસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો કે ખોરાકી, પોશાકીનો હક્ક, ઇઝમેન્ટ, બાનાખતના હક્કો, લીઝ પેન્ડન્સી, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત કે હીસ્સો હોય તો તેઓએ આ નોટીસ પ્રસીદ્ધ થયેથી દિન–૭ (સાત) માં અમારા નીચે જણાવેલ સરનામે લેખીત પુરાવા સાથે રજીસ્ટર્ડ પોસ્ટ એડી થી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત મિલકતો ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ હક્ક, હીસ્સો કે હિત સંબંધ દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન કે કબજા ભોગવટો વીગેરે હોય તો તેવા તમામ હક્કો અને વાંધાઓ ઉપરોક્ત માલિકની તરફેણમાં હરહંમેશ માટે જતા યાને વેઈવ કરેલ છે તેમ સમજીને ઉપરોક્ત મિલકતોનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**માર્મિક એ. ઠક્કર** (એડવોકેટ)
૨૦૧, હિમાલયા એમરલ્ડ, આઇ.ઓ.સી.
પેટ્રોલ પંપ પાસે, શ્યામલ થી શિવરંજની
ચાર રસ્તા, ૧૩૨ ફુટ રીંગ રોડ,
સેટેલાઇટ, અમદાવાદ–૩૮૦૦૧૫.

# જુના સચિવાલયમાં સાત મજલાના બે નવા બ્લોક બાંધવા વિચારણા

## વર્ષ ૨૦૧૮માં નવા બ્લોક બાંધવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી : જો કે હજુ આ બાબત નાયબ મુખ્યમંત્રી કક્ષાએ વિચારણા હેઠળ છે

ગાંધીનગર તા ૧૬

વહીવટી ગતિવિધીઓથી ધમધમતા સચિવલાય સંકુલમાં કર્મચારીઓની હાજરી વચ્ચે રોજબરોજ આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધી છે. ત્યારે પાંચ દાયકા જુના જુના સચિવાલયમાં નવા સાત મજલાના બ્લોક બાંધવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. તંત્ર કક્ષાએથી આ મામલે બે વર્ષ અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી પરંતુ હજુ આ પ્રોજેકટ વિચારણા હેઠળ હોવાથી આગળ નિર્ણય લેવાયા બાદ જુના સચિવાલય સંકુલમાં નવા બે બ્લોક બાંધવા માટે ગતિવિધિ હાથ ધરાશે.

ગુજરાતનો સમગ્ર વહીવટી દોરી સંચાર નવા અને જુના સચિવાલયમાંથી થાય છે. જયારે નવા સચિલાયના બ્લોકમાં અદ્યતન સુવિધાઓ છે. પરંતુ પાંચ દાયકાના અંતે જુના સચિવાલયમાં હાલની સ્થિતિ મુજબ વ્યવસ્થાનો અભાવ વર્તાય છે. કર્મચારીઆલમમાં પણ આ મુદ્દે અનેકવાર ગણગણાટ થતો નજરે પડે છે. જુના સચિવાલયમાં અંદાજિત વર્ષ ૧૯૭૯ માં ત્રણ માળના વિવિધ બ્લોક બનાવાની કામગીરી થઈ હતી જયારે ત્રણ માળના આ બ્લોકમાં હાલ લીફટ સહીતની સુવિધાઓનો પણ અભાવ છે. જયારે અનેકવિધ કચેરીઓ ધમધમતી થવાની સાથે જુના સચિવાલય સંકુલમાં પણ હજારો કર્મચારીઓની હાજરી સાથે રોજબરોજ આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધી છે. એક સમયે મંત્રી કાર્યાલયો પણ આ ઠેકાણે ધમધમતા હતા જયારે સમય મુજબ નવા સચિવાલયના સુવિધાસભર બ્લોક અસ્તિત્વમાં આવતા ધીમે ધીમે ઘણી કચેરીઓ નવા ઠેકાણે ખસેડવામાં આવી હતી.

જયારે હાલ જુના સચિવાલયમાં નવા બ્લોક બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જુના સચિવાલયમાં નવા ૭ માળના બે નવા બ્લોક બનાવવા માટે પણ પ્રારંભિક તબક્કામાં વિચારણા હાથ ધરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી કક્ષાએથી હજુ કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ જુના સચિવાલયમાં નવા બ્લોક બાંધવા માટે વિભાગ કક્ષોથી દરખાસ્ત પણ કરી દેવમાં આવી છે. વર્ષ ૨૦૧૮ માં જુના સચિવાલયમાં નવા સુવિધાસભર બ્લોક બાંધવા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડથી વધુ ખર્ચ થાય તેમ છે. જો કે આ મામલે ભાવિ સમયમાં નિર્ણય લેવાયા બાદ આ કાર્યયોજના આગળ વધશે હાલ તો જુના સચિવાલય સંકુલમાં આ બાબત વિચારણા હેઠળ છે. પ્રારંભિક તબક્કે બે નવા બ્લોક બાંધવાનુ પણ વિચારણા હેઠળ છે.

# આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

## જિલ્લામાંથી અંદાજિત ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા : પરીક્ષા રદ કરાયા બાદ પરિણામ માટે નિતી જાહેર કરાઇ હતી

ગાંધીનગર તા ૧૬

કોરોનાના કપરા સમયમાં આ વર્ષે બોર્ડની પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાનુ પરિણામ તૈયાર કરવા માટે પણ નિતી જાહેર કરવામાં આવી હતી. ધો -૧૦ નુ પરિણામ થોડા દિવસો અગાઉ જ જાહેર કરાયુ છે ત્યારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાશે. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામ લક્ષી ઉત્તેજના છવાઇ છે.

કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા રદ કરવામાં આવી હતી ધો -૧૦ માં પણ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી દેવાયુ હતુ જયારે થોડા દિવસો અગાઉ જ મુલ્યાંકન પધ્ધતિ મુજબ બોર્ડનુ પરિણામ જાહેર કરાયુ હતુ જયારે ધો -૧૦ બાદ હવે ધો -૧૨ નુ પરિણામ પણ જાહેર કરાશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પણ પરીક્ષા રદ કરાયા બાદ પરિણામ તૈયાર કરવાની નિતી પણ જાહેર કરાઇ હતી જે મુજબ પરિણામ તૈયાર થઇ જતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની વેબસાઇટ પર સવારે ૮ કલાકે વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓનુ પરિણામ જાહેર કરાશે. આ અંગે બોર્ડના નાયબ પરીક્ષા નિયામક જે જી પંડયાના જણાંવ્યા મુજબ શાળાઓ તેઓની શાળાનુ પરિણામ શાળાના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ મારફતે લોગીન કરી ડાઉનલોડ કરી શકશે. શાળા કક્ષાએથી વિદ્યાર્થીઓને ગુણપત્રક પણ આપવામાં આવશે. ધો -૧૦ બાદ ધો -૧૨ નુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામ લક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો છે. આ વર્ષે કોરોનાના લીધે બોર્ડની પરીક્ષા લેવામાં આવી નથી પરંતુ પરિણામ આખરે પરિણામ કહેવાય તેમ માનતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ પરિણામ જાણવાની ઉત્સુકતા જોવા મળી રહી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ વિજ્ઞાન પ્રવાહના અંદાજિત ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ત્યારે પરિણામની સાથે આગામી દિવસોમાં લેવાનારી ગુજકેટ તેમજ નીટની પરીક્ષાને અનુલક્ષી હાલ વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ બન્યા છે.

# ગાંધીનગર વારાણસી ટ્રેઈન દર ગુરુવારે કેપિટલ સ્ટેશનથી રાત્રિના ૧૧ :૧૫ કલાકે ઉપડશે

## ગાંધીનગર-વરેઠાની મેમુ પણ રવિવાર સિવાય દરરોજ સાંજે ૬ કલાકે પ્રસ્થાન કરશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરથી વારાણસી ટ્રેઈન શરૂ થતા સ્થાનિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. લાંબા સમય બાદ ગાંધીનગરના પોકેટમાં એક નવી સુપરફાસ્ટ ટ્રેઈન આવી છે. ગાંધીનગર વારાણસી સુપરફાસ્ટ સ્પેશિયલ એકસપ્રેસ દર ગુરુવારે ગાંધીનગર સ્ટેશનથી રાત્રિના ૨૩:૧૫ કલાકે પ્રસ્થાન કરશે જયારે આ ટ્રેઈન બીજા દિવસે રાત્રિના ૧૧:૩૦ કલાકે વારાણસી પહોંચશે. તા ૨૨ જુલાઈથી આ ટ્રેઈન નિયમિતરૂપે શરૂ થઈ જશે. ગાંધીનગરની જેમ આ ટ્રેઈન વારાણસીથી દર બુધવારે બપોરે ૩ : ૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૩ :૨૦ કલાકે ગાંધીનગર પહોંચશે. ગાંધીનગર વારાણસી બંને દિશામાં અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર,



બીના, ઝાંસી, ગોવિંદપુરી અને પ્રયાગરાજ સ્ટેશનો પર રોકાશે. જયારે આ ટ્રેઈનમાં ફર્સ્ટ એસી , એ સી ટુ ટાયર,, એ સી ૩ ટાયર અને સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સિટીંગ કોચનો સમાવેશ કરવામાં આવશે. આ ટ્રેન સંપુર્ણ આરક્ષિત રહેશે. આ ઉપરાંત ગાંધીનગર વરેઠા અનારક્ષિત મેમુ શનિવાર સિવાય દરરોજ ગાંધીનગર સ્ટેશનથી સાંજે ૬ કલાકે પ્રસ્થાન કરશે. અને તે જ દિવસે રાત્રિના ૯ :૨૫ કલાકે વરેઠા પહોંચશે. આ ટ્રેઈન તા ૧૮ જુલાઈથી નિયમિત રૂપે દોડશે. જયારે આ ટ્રેઈન રવિવાર સિવાય દરરોજ વરેઠાથી પણ ૬ :૪૦ કલાકે પ્રસ્થાન કરશે. જયારે સવારે ૧૦ કલાકે ગાંધીનગર કેપિટલ પહોંચશે. વરેઠાથી ગાંધીનગરની ટ્રેઈન સેવા તા ૧૭ જુલાઈથી શરૂ થશે. આ દરમિયાન વરેઠાના રૂટની ટ્રેઈન બન્ને દિશામાં ઝુલાસણ, ડાંગરવા, આંબલીયાશન, જંગુદાન, મહેસાણા, રંડાલા, પુદ્રમ,ગણેશપુરા, વિસનગર, ગુંજા, વડનગર અને ખેરાલુ સ્ટેશનો પર સ્ટોપ કરશે.આ ટ્રેઈન અનઆરક્ષિત તરીકે દોડશે. મુસાફરી દરમિયાન કોવિડના સઘળા નિયમો તેમજ જરૂરી એસ ઓ પી નુ પાલન કરવાનુ રહેશે.

